
આ121-1

# પ્રેમ કરો બાર પર્વ આરાધના



## બીજ અષ્ટમી

## પર્વ

જ્ઞાના વરણીય કર્મ
દર્શના વરણીય કર્મ
વેદનીય વરણીય કર્મ
મોહનીય વરણીય કર્મ
અંતરાય વરણીય કર્મ
ગોત્ર વરણીય કર્મ
નામ વરણીય કર્મ
આયુષ્ય વરણીય કર્મ



પ્રેરક : શ્રી પ્રેમ ગુરૂ કૃપાપાત્ર શિષ્યરત્ન પ.પૂ.આ.ભ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.

પ્રકાશક

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ - શંખેશ્વર



શ્રી જીરાવલાપાર્શ્વનાથ ભગવાન



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભક્તિપાર્શ્વનાથ ભગવાન



॥ શ્રી જીરાવલા-શંખેશ્વર-ભક્તિ પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધરાય નમઃ ॥
॥ શ્રી ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધ ગુરુભ્યો નમઃ ॥

# પ્રેમે કરો

# બાર પર્વ આરાધના

## શ્રી બીજ તથા અષ્ટમી આરાધના પર્વ સંગ્રહ


પ્રેરક : તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદના પ્રેરક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્ય રત્ન પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી રત્નશેખર વિજયજી ગણિવર (પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

સંપાદક : પ.પૂ. મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા.


ઉપયોગ :- પ્રભુભક્તિ અને સ્વાધ્યાય


• પ્રકાશક •

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ
(શંખેશ્વર)
ફોન : ૦૨૭૩૩-૨૭૩૩૨૫, ૨૭૩૪૪૪.

## • નિમિત્ત •

તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટના પ્રણેતા પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના તપાગચ્છાધિપતિ પદ પાટોત્સવે તથા ૭૫ વર્ષના સંયમ જીવનના હીરક મહોત્સવે અને આચાર્યપદ પ્રદાન મહોત્સવે...

વૈશાખ સુદ-૧૦ (પ્રથમ)

તા. ૭-૫-૨૦૦૬, રવિવાર

આવૃતિ : પ્રથમ

નકલ : ૧૦૦૦

ટાઈપસેટીંગ : જૈનમ્ ગ્રાફીક્સ,
સી-૧૪૧, પહેલા માળે, બી.જી. ટાવર્સ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ.
ફોન : ૨૫૬૨૭૪૬૯.

પ્રાપ્તિસ્થાન : શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર
જૈન ટ્રસ્ટ - શંખેશ્વર

# પ્રસ્તાવના

શ્રી વીતરાગ પરમાત્મા પ્રરૂપિત, સર્વજ્ઞકથિત, તીર્થંકર પ્રભુએ સ્થાપિત આ જૈન શાસનમાં આત્માની ઉન્નતિ, પ્રગતિ, શુદ્ધિ અને સિદ્ધિ માટે બાર પર્વોની સ્થાપના કરવામાં આવેલ છે, પર્વનો અર્થ જ એ થાય છે કે જે પર્વની આરાધના કરવાથી જીવનમાં રાગ-દ્વેષ-કષાયભાવ પાપ, દોષ આદિનું શમન (ક્ષય) થાય અને આત્માને ક્યારેય કોઈપણ ભવમાં આનંદની અનુભૂતિ ન થઈ હોય એવા પ્રકારના આનંદની અનુભૂતિ પર્વ આરાધના દ્વારા શક્ય બને તેનું નામ પર્વ.

જે આરાધે પર્વ તે જીવ કદી ન કરે ગર્વ, જે ન કરે ગર્વ તે જ આરાધી શકે આ બાર પર્વ

જીવનના ક્ષેત્રમાં દોષોનું દહન, કર્મોનું શમન, પાપોનું પક્ષાલન ન થાય ત્યાં સુધી આત્માને શુદ્ધિ-સિદ્ધિ ક્યારેય પ્રાપ્ત થતી નથી, માટે જ પ્રભુએ જુદા-જુદા પર્વોની આરાધના દ્વારા તપ-ત્યાગના ભાવો ખુબ વધે તે જ માટે આ પર્વોના આયોજન કરેલ છે.

## બીજ પર્વ :

બીજના ચંદ્રમાની પેઠે ખીલતું આત્માનું પુષ્પ સર્વવિરતિ અથવા દેશવિરતિ ધર્મની આરાધના દ્વારા ખીલતો ખીલતો આત્મા પૂર્ણિમાના ચંદ્રની જેમ અખંડ ચંદ્ર બની આત્મા અખંડ આનંદની અનુભૂતિ કરી શકે માટે આ બીજ પર્વની આરાધના કરવાની છે.

## જ્ઞાન પંચમી અને નેમનાથ જન્મકલ્યાણક પર્વ :

તીર્થંકર પરમાત્માની ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ, નિર્વાણ આ પાંચ કલ્યાણકોની આરાધના દ્વારા આત્માને જ્ઞાનના પાંચ ગુણો જે બતાવવામાં આવ્યા છે તે પ્રાપ્ત થાય છે. મતિ-શ્રુત અવધિ-મન પર્યવ અને કેવલ આ પાંચ જ્ઞાન તીર્થંકરોની ભક્તિની શક્તિ દ્વારા પ્રાપ્ત થતાં હોય છે. અને મંદ બુદ્ધિ વાળા જીવો જો આ જ્ઞાનપંચમીની આરાધના કરે તો જ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર બને છે. અલ્પ બુદ્ધિ વાળા જીવો પણ જ્ઞાનની પ્રાપ્તિ વાળા થાય છે માટે જ પંચમી પર્વ બતાવવામાં આવેલ છે.

**અષ્ટમીપર્વ :**

મુખ્યત્વે આત્મા સમયે સમયે એક આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મો સતત બાંધે છે, એ આઠે આઠ કર્મોને નષ્ટ કરવા માટે તથા અષ્ટ મહાસિદ્ધિઓના ધારક બનીને આત્મા પરંપરાએ સિદ્ધિદશાને પામી શકે માટે અષ્ટમી પર્વનું વિધાન છે.

**પોષદશમી પર્વ :**

આત્માને તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય અને આ ભવમાં તો અવશ્ય સમાધિમરણની પ્રાપ્તિ કરાવી આપે અને પરંપરાએ સદ્‌ગતિનો ભોક્તા બનાવે અને ઉત્તરો ઉત્તર મોક્ષસુખના ફળો પ્રાપ્ત કરાવી આપે એવો જો કોઈપણ પર્વ હોય તો એક માત્ર પાર્શ્વ પ્રભુનો જન્મ કલ્યાણક પર્વ કે જે આ અવસર્પિણીકાલમાં પુરૂષાદાનીય તથા પ્રકટ પુણ્યશાળી તથા પ્રબલ આદેય નામ કર્મી તીર્થંકર પરમાત્માનો જન્મ કલ્યાણક સંબંધિ પર્વ એટલે આ પર્વ...

**મૌન એકાદશી પર્વ :**

મૌન રહેવાથી આત્મામાં શક્તિનું એક જબરદસ્ત સંયમ (સંગ્રહ) થાય છે. વર્ષમાં એક દિવસ ઉપવાસ કરીને તથા મૌન રહીને દરેક દરેક ક્રિયાથી અવશ્ય દોઢસો ગણું લાભ આત્માને પ્રાપ્ત થાય અને સાથે સાથે દોઢસો કલ્યાણકોની ઉજવણી સ્વરૂપે દોઢસો ગણી, ભક્તિનો લાભ પણ પ્રાપ્ત થાય એવો જો કોઈપણ પર્વ હોય તે માત્ર આ મૌન એકાદશી પર્વ. (ઉપવાસ એક અને લાભ અનેક)

**ચૈત્રી પૂનમની આરાધના :**

શત્રુંજય પર્વતપર પાંચ ક્રોડ મુનીઓની સાથે મોક્ષ સુખ મેળવનાર એવો કોઈપણ આત્મા હોય તે પુંડરિક સ્વામી ગણધર ભગવંત આ આત્માએ આજના દિને મોક્ષ સુખ પ્રામ કરેલ એવા આત્માની આરાધના દ્વારા જેમ પૂર્ણિમાનો ચાંદ સોળે કળાએ ખીલે છે ને અખંડ સ્વરૂપને ધારણ કરે છે તેજ રીતે આત્મા આ દિવસે આ પર્વની આરાધના કરે તો અવશ્ય અખંડ આનંદનો રસાસ્વાદને અવશ્ય પામે માટે ચૈત્રી પૂનમ પર્વ બતાવેલ છે.

## ચૌમાસી પર્વ :

ચાર-ચાર માસના ત્રણ વિભાગો અને એમાં પણ ત્રણ અઠ્ઠાઈઓનું વિધાન.

અષાઢી ચૌમાસ થી કારતક ચોમાસી પર્યંત...૧

કારતક ચૌમાસી થી ફાગણ ચોમાસી પર્યંત... ૨

ફાગણ ચૌમાસી થી અષાઢ ચોમાસી પર્યંત... ૩

આ રીતે ત્રણ ચોમાસી પર્વ બતાવવામાં આવેલ છે. ત્રણેય ચોમાસીમાં ફરજિયાત અઠ્ઠાનો વિધાન છે. આ ત્રણેય ચોમાસીમાં જ બાર પર્વોનો પણ સમાવેશ થાય છે, માટે જ આ ચોમાસી પર્વ મુખ્યત્વે ચારે ચાર ગતિના દુઃખોના નિવારણ માટે તથા ચારેય કષાયો પર વિજયતા મેળવવા માટે આ પર્વની આરાધના કરવામાં આવેલ છે.

## પર્વ પર્યુષણ આરાધના પર્વ :

આ પર્વ બારેય બાર પ્રકારના પર્વોમાં જો કોઈપણ પર્વ પર્વાધિરાજ અથવા પર્વોના સમ્રાટ તરીકેનું કોઈ બિરુદ ધરાવતું હોય તો તે એકમાત્ર આ પર્વ છે. આ પર્વ એટલે ક્ષમાપના મહાપર્વ છે. જીવનમાં જો ક્ષમા ભાવ નથી આવતો તો હજુ પર્વ આરાધના તમારાથી દૂર છે, એ સિદ્ધ થાય છે. દરેકે-દરેકે પર્વ રાગ દ્વેષની ગ્રંથિઓને નિર્મૂલ કરવા તથા જીવનમાં ક્ષમાના પુષ્પો ખીલવવા માટેના છે. માટે જ આ પર્વ મુખ્યત્વે સાંવત્સરિક ક્ષમાપના મહાપર્વ તરીકે પણ પ્રખ્યાત છે.

## નવપદ આરાધના સિદ્ધચક્ર મહાપર્વ :

અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ આ રીતે નવપદજીનું સંકલન છે. આમાં દેવ-ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્વો એટલે તત્ત્વત્રયીનો વિનિયોગ પણ છે. આના મુખ્ય આસો તથા ચૈત્ર માસના દિવસોમાં વિશિષ્ઠ રીતે આરાધના થતી હોય છે, આ દિવસો શાશ્વત દિવસો છે. કારણ આ પર્વની આરાધના દરેકે-દરેક તીર્થંકરોના શાસનમાં ફરજિયાત થતી હોય છે. માટે જ નવપદના દિવસે અખંડ આંકજ તરીકે પણ સિદ્ધ થાય છે અને અખંડ આનંદ આપનારા છે.

**દિવાળી પર્વની આરાધના :**

આ અવસર્પિણી કાલના છેલ્લા ૨૪ માં તીર્થંકર પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણક સંબંધિ દિન એટલે દિવાળી પર્વ. પ્રભુ પોતે ભાવ દીવા સમા હતા, પણ નિર્વાણ પામવાથી લોકોએ દ્રવ્ય દિવા પ્રગટ કર્યા, ત્યારથી આ પર્વની શરૂઆત થઈ છે.

આ બારેય બાર પર્વો મુખ્યત્વે તીર્થંકર ભગવંતોએ સ્થાપ્યા છે. આપણાં દરેકે દરેક પર્વોમાં પ્રભુએ તપ-ત્યાગ-સાધના-આરાધના-ઉપાસના ને જ મહત્વ આપ્યું છે. ક્યાંય કોઈપણ પર્વમાં મોજ-શોખ કે એશ આરામની વાત જોવા નથી મળતી. જેમાં તપ-ત્યાગ આરાધના વિ. ના હોય તેને પર્વ પણ ન કહેવાય, માટે આ બારેય પર્વોની આરાધના સારી રીતે કરી શકે તે વસ્તુને ધ્યાનમાં લઈને દરેક જીવો કંઈક કંઈક ધર્મ કરી શકે એજ ધ્યેય થી મારા શિષ્ય મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા. સંપૂર્ણ બારેય પર્વોનો સંપૂર્ણ સાહિત્યનો સંકલન કરી છપાવવા માટે આ પ્રયાસ આદર્યો છે, તે ખરેખર અનુમોદનીય છે. તથા પ્રુફ સંશોધન કરી આપવામાં પ્ર.પૂ.સા.શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી રત્નપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ. સાહેબે પણ સુંદર સહકાર આપેલ છે.

આ પુસ્તકનો સુંદર સદ્ઉપયોગ કરી અને બારે બાર પર્વોની આરાધના કરી-કરાવી તમારા આત્માને વધુને વધુ નિર્મલ બનાવી ઉત્તરોત્તર ઉન્નતિના શિખરો સર કરે અને પરંપરાએ શિવસુખનો ભોક્તાબને.

એજ મનોકામના સાથે.....

શ્રી ૧૦૮ તીર્થ પ્રેરક તપાગચ્છસૂર્ય, ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય રત્ન પંન્યાસપ્રવરશ્રી રત્નશેખર વિજયજી મ.સા.
(પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

# અનુક્રમણિકા


| નામ | પેજનંબર |
|---|---|
| ❑ બીજના ચૈત્યવંદન | ૧ થી ૨ |
| ❑ બીજ તિથીની થોયો | ૩ થી ૫ |
| ❑ બીજ તિથીની ઢાળો | ૫ થી ૭ |
| ❑ શ્રી અજિતજિન સ્તવન | ૮ થી ૧૨ |
| ❑ બીજની સજ્ઝાય | ૧૨ થી ૧૪ |
| ❑ અષ્ટમીના ચૈત્યવંદન | ૧૪ થી ૧૮ |
| ❑ અષ્ટમી તિથીની થોયો (સ્તુતિ) | ૧૮ થી ૨૧ |
| ❑ અષ્ટમી તિથીની ઢાળો | ૨૧ થી ૨૭ |
| ❑ શ્રી ચન્દ્રપ્રભ જિન સ્તવન | ૨૭ થી ૩૦ |
| ❑ અષ્ટમીની સજ્ઝાય | ૩૦ થી ૩૨ |
| | |
| | |
| | |
| | |
| | |

# શ્રી બીજ પર્વ ચૈત્યવંદનાદિ સંગ્રહ

(૧)

ચોવીશમો જિનરાજજી, ચંપાપુરી આવે;
ચૌદ સહસ અણગારના, સ્વામિ તેહ કહાવે. ૧
અઢીકોશ ઉંચો સહિ, સમવસરણ વિરચાવે;
ત્રિભુવનપતિ ગુરુ તેહમાં, ઉપદેશ વરસાવે. ૨
જિતશત્રુ રાજા તિહાં, પ્રભુને વંદન આવે;
તે પણ સમવસરણ માંહિ, બેસી હરષીત થાવે. ૩
ભવિકજીવ તારણ ભણી, ગૌતમ પૂછે જિનને;
બીજતિથિ મહિમા કહો, સંશયહરણ પ્રભુ અમને. ૪
તવ પ્રભુ પર્ષદા આગલે, બીજનો મહિમા ભાખે;
પંચ કલ્યાણક જિન તણા, તે સહુ સંઘની સાખે. ૫
બીજે અજિત જનમીયા, બીજે સુમતિ ચ્યવન;
બીજે વાસુપૂજ્યજી, લહ્યું કેવલનાણ. ૬
દશમા શીતલનાથજી, બીજે શિવ પામ્યા;
સાતમા ચક્રી અરજિન, જન્મ્યા ગુણધામ. ૭
એ પાંચે જિન સમરતાંએ, ભવિ પામો દોય ધર્મ;
સર્વવિરતિને દેશવિરતિ, ટાળે પાતિક મર્મ. ૮
વીર કહે દ્વિતીયા તિથિ, તે કારણ તુમે પાળો;
ચંદ્રકેતુ રાજા પરે, આતમ અજુઆળો. ૯

તે સાંભળી બહુ આદરે, પ્રાણી બીજ આરાધો;
તે આરાધતા કેઈના, થયા આતમ ઉદ્ધારો. ૧૦
ચઉવિહાર ઉપવાસ કરી, બીજ આરાધો વિવેક;
'નયસાગર' વીરજિન, દ્યો મુજને શિવએક. ૧૧

(૨)

સુંદર સમકિત ક્ષેત્રમાં, બીજક રૂપે બીજ;
ક્રિયાનું ખાતર કરી, વાવો રાખી રીઝ. ૧
સતોષે શોધન કરી, નવવિધ સંવર વાડી;
શમપાણીથી સિંચતા, ઉગે અવિચલ ઝાડી. ૨
મોક્ષ તણા ફલ તેહના, ખાવો ષટ્ઋતુ ખાતે;
કર્મરોગ ભવદુઃખ મીટે, પામો શિવસુખ શાતે. ૩
જીવ સકલ બિહું ભેદથી, મુક્ત અને સંસારી;
સકષાયી-અકષાયીયા, આહારીને અણાહારી. ૪
ઈન્દ્રિયા સહિત રહિત વળી, વેદ અર્થ વિલાસી;
ભાસગને અણભાસગા, બિંહુ તપથી ભવરાગી. ૫
બે સૂરજ બે ચંદ્રમા, જંબુદ્વીપે જાણો;
બીજ તિથિમાં પામીયા, પામે નરભવ ટાણો. ૬
ઉદય સોમસૂરિને એ, સહુ જન સુખ કાજ;
તાસ વિમાને તિણ દિને, વંદુ શ્રી જિનરાજ. ૭

(૩)

દુવિધ બંધને ટાળીને, જે વળી રાગને દ્વેષ;
આર્ત રૌદ્ર દોય, અશુભધ્યાન, ન વિકારો લવલેશ. ૧
બીજ દિને વળી બોધિબીજ, ચિત્ત ઠાણે વાવો;
જેમ દુઃખ દુર્ગતિ નવિ લહો, જગમાં જશ ચાવો. ૨
ભાવો રૂડી ભાવનાએ, વાધો શુભઠાણ;
જ્ઞાનવિમલ તપ તેજથી, હોયે કોડી કલ્યાણ. ૩

## બીજ તિથિની થોયો - ૧

દિન સકલ મનોહર, બીજ દિવસ સુવિશેષ,
રાય રાણા પ્રણમે, ચંદ્ર તણી જિહાં રેખ,
તિહાં ચંદ્ર વિમાને, શાશ્વતા જિનવર જેહ,
હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ ૧
અભિનંદન ચંદન, શીતલ શીતલનાથ,
અરનાથ સુમતિજિન, વાસુપૂજ્ય શિવ સાથ,
ઈત્યાદિક જિનવર, જન્મ જ્ઞાન નિવારણ,
હું બીજ તણે દિન, પ્રણમું તે સુવિહાણ ૨
પ્રકાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત,
જિમ વિમલ કમલ દોય, વિપુલ નયન વિકસંત,
આગમ અતિ અનુપમ, જિહાં નિશ્ચય વ્યવહાર,
બીજે સવિ કીજે પાતિકનો પરિહાર ૩

ગજગામિની કામિની, કમલ સુકોમલ ચીર,
ચક્કેસરી કેસર, સરસ સુગંધ શરીર,
કર જોડી બીજે, પ્રણમું તસ પાય,
એમ લબ્ધિ વિજય કહે પુરો મનોરથ માય ૪

(૨)

અજુવાલી તે બીજ સોહાવે રે, ચંદારૂપ અનુપમ લાવે રે,
ચંદા વિનતડી ચિત્ત ધરજો રે, શ્રીસીમંધર ને વંદના કહેજો રે. ૧
વિશ વિહરમાન જિન ને વંદો રે, જિનશાસન પૂજી આણંદોજી રે,
ચંદા એટલું કામ તુમે કરજો રે, શ્રીસીમંધર ને વંદના કહેજો રે. ૨
શ્રી સીમંધર જિન ની વાણી રે, તે તો અમીય પાન સમાણી રે,
ચંદા તમે સુણી અમને સુણાવો રે, ભવસંચિત પાપ ગમાવો રે. ૩
શ્રીસીમંધર જિનની સેવા રે, તે તો શાસન ભાસન મેવા રે,
ચંદા હોજો સંઘના ત્રાતા રે, ગજ લંછન ચંદ્ર વિખ્યાતા રે. ૪

(૩)

સીમંધર જીન ગોરારે હું તો ધ્યાન ધરું છું તોરા રે
રાણી રૂક્ષ્મણીનાં ભરતારરે મન વાંછિત ફલ દાતાર રે ૧
વિશ વિહરમાન જીન નામ રે વીશ તે કરું પ્રણામ રે
જેનું દર્શન આનંદકારી રે તેને પાયનમે નરનારી રે ૨
ગણધર ને ત્રિપદી દીધીરે સિદ્ધાંતની રચના કીધી રે
એનો અર્થ અનુપમ લહીએ રે સુગુરૂના વચને રહિયે રે ૩

દેવી ચક્કેસરી સાનિધ્યકારી રે તેને પાય નમે નરનારી રે
એ તો થોય છે સારી રે એવા કનક સોભાગી જયકારી રે ૪

(૪)

મુજ આંગણ સુરતરુ ઉગીયો, કામધેનું ચિંતામણી પુગીઓ,
સિમંધર સ્વામી જો મીલે, તો મનમાં મનોરથ સવી ફલે. ૧
હું વંદુ વીશ વિહરમાન તે કેવલજ્ઞાની યુગ પ્રધાન,
સિમંધરસ્વામી ગુણ નિધાન, જિત્યા જેણે ક્રોધ લોભ મદમાન. ૨
અંબાવન સમરે કોકીલા, મેહને વંછે જેમ મોરલા,
મધુકર માલતી પરિમલ ગમે તેમ આગમે મોરું મન ભમે. ૩
જય લચ્છી શાસન દેવતા, રત્નત્રય ગુણ જે સાધતા,
વિમલ સુખ પામે તે સદા, સીમંધર જિન પ્રણમું મુદા. ૪

## બીજ તિથીની ઢાળ

### દુહા

સરસ વચન રસ વરસતી, સરસ્વતી કહેણ
બીજ તણો મહિમા કહું, જિમ કહ્યો શાસ્ત્ર મોઝાર. ૧.
જંબુદ્વીપનાં ભરતમાં, રાજગૃહી નયરી ઉદ્યાન;
વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન. ૨
શ્રેણીક નામે ભૂપતી, બેઠા બેસણ ઠાય;
પૂછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય. ૩
ત્રિગડે બેઠા ત્રિભુવનપતિ, દેશના દિયે જિનરાય;
કમળ સુકોમળ પાંખડી, એમ જિન હૃદય સોહાય. ૪

શશિ પ્રગટે જિમ તે દિને, ધન્ય તે દિન સુવિહાણ;
એક મને આરાધતાં, પામે પદ નિર્વાણ. ૫

## ઢાલ ૧

કલ્યાણક જિનનાં કહું સુણ પ્રાણીજી રે;
અભિનંદન અરિહંત ભગવંત ભવિ પ્રાણીજી રે;
માઘ સુદી બીજ દિને ॥ સુણ ॥
પામ્યા શિવસુખ સાર, હરખ અપાર. ભવિ૦ ॥૧॥
વાસુપૂજ્ય જિન બારમા ॥ સુણ ॥
એહજ તીર્થે થયું નાણ, સફળ વિહાણ - ભવિ.
અષ્ટ કર્મ ચૂરણ કરી ॥ સુણ૦ ॥
અવગાહન એક વાર, મુક્તિ મોઝાર-ભવિ. ॥૨॥
અરનાથ જીનજી નમું ॥ સુણ ॥
અષ્ટાદશમાં અરિહંત ભગવાન ॥ ભવિ૦ ॥
ઉજ્જવલ તિથી ફાગણ ભલી ॥ સુણ ॥
વરિયા શિવવધુ સાર, સુંદર નાર. ભવિ૦ ॥૩॥
દશમા શીતલ જિનેશ્વરૂ સુણ.
પરમ પદની એ વેલ ગુણની ગેલ ભવિ.
વૈશાખ વદી બીજને દિને - સુણ.
મૂક્યો સરવે એ સાથ, સુરનર નાથ - ભવિ. ॥૪॥
શ્રાવણ સુદની બીજ ભલી; સુણ.
સુમતિનાથ જિનદેવ સારે સેવ. ભવિ.
એણી તિથીએ જીનજી તણા, સુણ.
કલ્યાણ પંચ સાર, ભવનો પાર. ભવિ૦ ॥૫॥

## ઢાલ ૨ જી

જગપતિ જિન ચોવીશમો રે લાલ, એ ભાખ્યો અધિકાર રે ભવિકજન,
શ્રેણિક આદે સહુ મળ્યા રે લાલ, શક્તિ તણે અનુસાર રે;
ભવિકજન ભાવ ધરીને સાંભળો રે લાલ, આરાધો ધરી ખંત રે,
|| ભવિક. ભાવ. ||૧||
દોય વરસ દોય માસની રે લાલ, આરાધો ધરી હેત રે. ભવિક.
ઉજમણું વિધિશું કરો રે લાલ, બીજ તે મુક્તિ સંકેત રે.
|| ભવિક. ભાવ. ||૨||
માર્ગ મિથ્યા દૂરે તજો રે લાલ, આરાધો ગુણ થોક રે ભવિક.
વીરની વાણી સાંભળી રે લાલ, ઉછરંગ થયા બહુ લોક રે.
|| ભવિક. ભાવ. ||૩||
એણી બીજે કેઈ તર્યા રે લાલ, વળી તરશે કેઈ સેસ રે ભવિક.
શશિ નિધિ અનુમાનથી રે લાલ, શૈલા નાગધર એષ રે;
|| ભવિક. ભાવ. ||૪||
અષાઢ સુદી દશમી દિને રે લાલ, એ ગાયો સ્તવન રસાલ, ભવિક.
નવલ વિજય સુપસાયથી રે લાલ, ચતુરને મંગલ માલ રે.
|| ભવિક. ભાવ. ||૫||

## કળશ

ઈમ વીર જિનવર સયલ, સુખકર, ગાયો અતિ ઉલટ ભરે;
અષાઢ ઉજ્જવલ દશમી દિવસે, સંવત અઢાર અઠ્ઠોતરે
બીજ મહિમા એમ વર્ણવ્યો, રહી સિદ્ધપુર ચોમાસ એ,
બીજ ભવિક ભાવે ભણે ગુણે, તસ ઘરે લીલ વિલાસ એ. ||૧||

# શ્રી અજિતનાથ સ્તવન (૧)

પ્રીતલડી બંધાણી રે, અજિત જિણંદ શું,
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાયજો,
ધ્યાનની તાળી રે, લાગી નેહ શું,
જલદ ઘટા જિમ શિવસુત વાહન દાયજો. ૧.
નેહ ઘેલું મન મારૂં રે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ કારણથી પ્રભુ મુજ જો,
મ્હારે તો આધાર રે સાહિબ રાવળો,
અંતર ગતની પ્રભુ આગળ કહું ગુંજજો. ૨.
સાહિબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકનાં જે સ્હેજે સુધારે કાજજો,
એહવારે આચરણે કેમ કરી રહું,
બિરૂદ તારૂં તારણ તરણ જહાજ જો. ૩.
તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીનદયાળ જો,
તુજ કરૂણાની લહેરે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો. ૪.
કરૂણા દૃષ્ટિ કીધી રે સેવક ઉપરે,
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો,
મન વાંછિત ફળિયા રે તુજ આલંબને,
કરજોડી મોહન કહે મનરંગ જો. ૫.

2

( રાગ : ટીલડી રે મારા )

અજીતનાથ જગનાયક આજ, મહીયલ છો મોટા મહારાજ રે
કહીએ છીએ એમ જાણી કાજ, લાલચ વાળાને શી લાજ...
ખરો ખજાનો તાહરે ખીસ, દેતા પણ તોટો નવિ દિસે
આવી તિણકારણ હોશીસે, મુહફાડી સાહિબ માંગીજે...
આજ લગી રાખી એક તારી, ગીરૂઆ છો પણ નવિ ગુણકારી
વાત હવે એમ ચિત્ત વિચારી, બોલ્યાં વિણ કોણ ખોલે બારી...
સેવક મન જો જાણો સારો, આપી નિજ ગુણ ઉતારો
તુમ સમ મેકો બીજો તારો, લહીયે તો ગ્રહીયે તસ લારો...
પાલવ વળગ્યા જેહ પરાણે, તે કેમ છોડે છેડો તારો,
દાન-વિજય પ્રભુ જો દિનલ આણે, પહોંચે તો સવિ વાત પ્રમાણે...

( રાગ : શ્રી શીતલજિન ) 3

અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે,
માલતી ફુલે મોહિયો, કિમ બેસે હો બાવલ તરૂ ભૃંગ કે. ૧.
ગંગાજલમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલ કે,
સરોવર જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાલ કે. ૨.
કોકિલ કલ કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે,
આછા તરુવર નવિ ગમે, ગિરુઆશું હો હોયે ગુણનો પ્યાર કે. ૩.
કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદ શું પ્રીત કે,
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલાં નિજ ચિત્ત કે. ૪.

તિમ પ્રભુ શું મુજ મન રમ્યું, બીજા શું હો નવિ આવે દાય કે,
શ્રી નયવિજય વિબુધ તણો, વાચક જશ હો નિત ગુણ ગાયકે. ૫.

### ( રાગ : સાંભળજો મુનિ સંયમ )

અજિત જિનેશ્વર આંખડી પ્યારી, મોહ્યાં અમર નરનારી રે,
કરૂણા શાંત સુધાકર ક્યારી, ઉપશમ રસ ભરી ન્યારી... ૧
અંજન વિણું મંજુલતાધારી, સોહે મધુકર અતિસારી
રાગ વિના રેખાંકિત નીકી, અનુપમ ટીકી જ્યાં કીકીરે... ૨
પૂર્ણતા મગ્નતા ધીરતા લીની, પર આશાએ નહિ દિનીરે
નિઃસ્પૃહ નિર્ભય સમતા ભીની, બાર પર્ષદા પાવન કીની... ૩
સૌમ્ય સુભગ સુંદર સોભાગી, દેખત હી રઢ લાગી રે,
આજ અપૂર્વ દશા મુજ ભાગી, જ્ઞાન ટકોરી વાગી રે... ૪
જિત શત્રુનંદન ચંદનવાણી, ધન્ય ધન્ય વિજયારાણી,
ગજ લંછન કંચન સમ કાયા, "ખીમાવિજય" જિનરાયા રે.. ૫

### ( રાગ : હાથે બજાવું )

પંથડો નિહાળું રે, બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તેણે હું જિતિયો રે, પુરૂષ કિશ્યું મુજ નામ. ૧
ચરણ નયણ કરી મારગ જોવતા રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય સંસાર. ૨
પુરૂષ પરંપર અનુભવ જોવતા રે, અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારે જો આગમે કરી રે, ચરણ ધરણ નહીં ઠાય. ૩

તર્ક વિચારે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. ૪
વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણો રે, વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. ૫
કાળ લબ્ધિ નહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ. ૬

## ( રાગ : ધર્મજીનેશ્વર ધર્મ ધુરંધર ) 6

અજિત જિનેશ્વર ચરણોની સેવા, હેવાએ હું હલીયો
કહીએ અણચાખ્યો પણ અનુભવ, રસનો ટાણો મીલીયો,
પ્રભુજી મહેર કરીને આજ, કાજ અમારા સારો... ૧
મુકાવ્યો પણ હું નવિ મુકું, ચુકુ નવિ એ ટાણો
ભક્તિભાવ ઉઠ્યો જે અંતરે, તે કિમ રહે શરમાણો... ૨
લોચન શાંત સુધારસ સુભગા, મુખ મટકાળું પ્રસન્ન,
યોગમુદ્રાનો લટકો ચટકો, અતિશય તે અતિ ધન્ન... ૩
પિંડ પદસ્થે રૂપસ્થે લીનો, ચરણ કમળ તુજ ગ્રહીયા,
ભ્રમર પરે રસ સ્વાદ ચખાવ્યો, વિરસો ક્યાં કરો મહિયા... ૪
બાલ્યકાળમાં વાર અનંતી, સામગ્રીએ નવિ જાગ્યો,
યૌવનકાળે તે રસ ચાખ્યો, તું સમરથ પ્રભુ માગ્યો... ૫
તું અનુભવ રસદેવા સમરથ, હું પણ અરથી તેહનો,
ચિત્ત વિત્તને પાત્ર સંબંધે, અજર ભયો હવે કેહનો... ૬

પ્રભુની મહેરે તે રસ ચાખે, અંતરંગ સુખ પાયો,
માનવિજય વાચક એમ ઝંપે, હુઓ મુજ મન કામો... ૭

( રાગ : આવો મંડપ શાને ) ૭

અજીત જિનેશ્વર સાંભળો રે, એ સેવક અરદાસ
ભવ ભયથી હું ઉભગ્યો રે, કર નિજ ચરણોનો દાસ,
ભવિયાં ભાવે ભજો જિનચંદ, સેવે ચોસઠ ઈંદ ઈંદ... ૧
મુજ સરિખા તુજને ઘણાં, માહરે તું પ્રભુ એક,
કદીય ન છોડું તુજ છેડલો રે, એ મુજ મનની ટેક... ૨
નિર્ગુણી જાણી ઉવેખસ્યોરે, આદિ ગુણી કોણ હોય,
ગુણિજન તારીશ તો પ્રભુરે, અધિકતા કિહાં તુજ જોય... ૩
ભવ ભયભંજનની તાહરીરે, મૂર્તિ શોભે મહારાજ,
જે તુજ ધ્યાને સદા રમેરે, ધ્યેયપણું તસ થાય... ૪
મન મંદિરિયે પધારીયેરે, કૃપા કરી જિનરાય,
કમલ વિજય પદ સેવતાંરે, મોહનના વાંછિત થાય... ૫

## બીજની સજ્ઝાય

(૧)

બીજ તણે દિન દાખવ્યો રે, દુવિધ ધર્મ પ્રકાર;
પંચ મહાવ્રત સાધનાં રે, શ્રાવકના વ્રત બારરે. પ્રાણી !
ધર્મ કરો સુવિવેક, જેમ પામો સુખ અનેક રે પ્રાણી ધર્મ. ..૧
એ આંકણી.

પ્રાણાતિપાત વિરમણ પહેલું રે, જાવજ્જીવ તે જાણ;
મૃષાવાદ વિરમણ બીજું રે, મોટું તેહ વખાણ રે. પ્રા..૨
જાવજ્જીવ ત્રીજું વલી રે, વિરમણ અદત્તાદાન;
ચોથું વ્રત પાલતાં ઘણું રે, જગમાં વાધે માન રે. પ્રા..૩
નવવિધ પરિગ્રહ છંડતા રે, પંચમી ગતિ શુભ ઠાણ;
વ્રત સુધાં એ પાલતાં રે, અણગારી કહે નામ રે. પ્રા..૪
બારે વ્રત પાલે ભલાં રે, શ્રાદ્ધનો એ આચાર;
પડિક્કમણાં દોય ટંકના રે, રાખે ધર્મ શું પ્યાર રે. પ્રા..૫
એહવાં વ્રત પાલે સદા રે, શાસ્ત્ર તણે અનુસાર;
આરાધક તેહને કહ્યા રે, તે પામે ભવપાર રે. પ્રા..૬
મિથ્યામાં ભૂલ્યો ભમ્યો રે, આ રે અનાદિનો જીવ;
સારધર્મ નવિ ઓલખ્યો રે, જેહથી મોક્ષ સદૈવ રે. પ્રા..૭
આરંભ છંડો આતમા રે , સમિતિ-ગુપ્તિશું પ્રીત;
આઠ મદ દૂરે તજો રે, ધર્મ કરો સુવિનીત રે. પ્રા..૮
પાળો જિનની આજ્ઞા રે, જો ચાહો શિવરાજ;
શ્રી વિજયરત્નસૂરીંદના રે, દેવનાં સાર્યા કાજ રે. પ્રા..૯

(૨)

( રાગ : એક દિન પુંડરિક )

બીજ કહે ભવિ જીવને રે લોલ, સાંભળી આણી રીજ રે સુગુણનર
સુકૃત કરણી ખેતમાં રે લોલ, વાવો સમકિત બીજ રે સુ. ...૧

ધરજો ધર્મશું પ્રીતડી રે લોલ, કરી નિશ્ચય વ્યવહાર રે સુ.
ક્રિયા તે ખાતર નાખીયે રે લોલ, સમતા દિજે ખેડ રે. સુ.
ઉપશમ નીરે સીંચીયે રે લોલ, ઉગે જ્યું સમકિત છોડ રે સુ...૩
વાડી કરો સંતોષવાની રે લોલ, તે પાખર તસ છોર રે સુ.
વ્રત પચ્ચકખાણ ચોકી ઠવો રે લોલ, વારજો કર્મ રૂપ ચોર રે સુ...૪
અનુભવ કેરી મંજરી રે લોલ, મોરે સમકિત વૃક્ષ રે સુ.
એણે રસે સંતોષ પામશો રે લોલ, લેશો ભવનિધિ ફૂલ રે સુ...૬
ઈણ વિધ બીજ તુમ સંદ્દહો રે લોલ, છોડી રાગને દ્વેષ રે સુ.
કેવલ કમલા પામીયે રે લોલ, વરીયે મુક્તિ સુવિવેક રે સુ...૭
સમકિત બીજ જે સદ્દહે રે લોલ, તે ટાળે નરક નિગોદ રે સુ.
કહે વિજય લબ્ધિ નિત સદા લહેરે લોલ, નિત્ય નિત્ય વિવિધ વિનોદ રે
સુ...૮

## અષ્ટમીતિથિ ચૈત્યવંદનાદિ સંગ્રહ

### શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન - ૧

ચૈતર વદિ આઠમ દિને, મરૂદેવી જાયો;
આઠ જાતિ દિશી કુમરીએ, આઠે દિશી ગાયો... (૧)
આઠ ઈંદ્રાણી નાથ શું, સુરસંગતે લઈ આવે;
સુરગિરિ ઉપર સુરવરા, સર્વે મળી આવે... (૨)

આઠ જાતિ કળશા ભરી, ચોસઠ હજાર;
દો સયને પચાસ માનો, અભિષેક ઉદાર... (૩)
એક ક્રોડને સાઠ લાખ, ઉંચા સત કોષ;
પોળપણે અડિયાલ કોસ, કળશા જળશેષ... (૪)
ચાર રિખભ અડશૃંગ રંગ, આઠે જલધારે;
ન્હવરાવી જીનરાજને, સુરેન્દ્ર પાય પખાળે... (૫)
ક્ષુદ્રાદિક અડદોષ શોષ, કરી અડગુણ પેખે;
ટાળી આઠ પ્રમાદ, આઠ-મંગળ આળેખે... (૬)
ક્રોડી આઠ ચઉગુણા, કંચન વરસાવે;
પ્રભુ સોંપી નિજ માતને, નંદિશ્વર જાવે... (૭)
અઠ્ઠાઈ મહોત્સવ કરે એ, ઠવણા જીન ઉદ્દેશ;
અષ્ટ પ્રકારે પૂજીએ, અષ્ટમી દિન સુવિશેષ... (૮)
રિખભ અજીત સુમતિ નમી, મુનિસુવ્રત જન્મ;
અભિનંદનને નેમી પાસ, પામ્યા શિવધર્મ... (૯)
સંભવદેવ સુપાસ દોય, સુરભવથી ચવીયા;
સેના પુહવી માત દુગ, ઉદરે અવતરીયા... (૧૦)
વરષ એક ઉદ્‌ઘોષણાએ, ઋષભ લીએ ચારિત્ર;
અષ્ટમી દિન અગિયાર એમ, કલ્યાણક સુપવિત્ર... (૧૧)

દર્શન જ્ઞાન ચારિત્રના, આઠે અતિચાર;
ટાળે ગાળે પાપને, પાળે પંચાચાર... (૧૨)
અણિમાદિક અડસિદ્ધિ રિદ્ધી; ખીણમાંહે પામી;
અષ્ટકર્મ હણીને થયા, અડગુણ અભિરામી... (૧૩)
અષ્ટમીદિન ઉજ્જવળ મને એ, સમરો દશ અરિહંત,
'ખીમવિજય' જીનનામથી, પ્રગટે જ્ઞાન અનંત... (૧૪)

## શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન (૨)

રાજગૃહી ઉદ્યાનમાં વીર જીનેશ્વર આવ્યા,
દેવ ઈંદ્ર ચોસઠ મળ્યા, પ્રણમે પ્રભુ પાયા. ૧
રજત હેમ મણિરયણનાં, તિહુયણ કોટ બનાય;
મધ્ય મણિમય આસને, બેઠા શ્રીજીન રાય. ૨
ચઉવિહ ધર્મની દેશના, નિસુણે પર્ષદા બાર;
તવ ગૌતમ મહારાયને, પૂછે પર્વ વિચાર. ૩
પંચ પર્વી તુમે વર્ણવિ, તેમાં અધિકી કોણ;
વીર કહે ગૌતમ સુણો, અષ્ટમીપર્વ વિશેષ. ૪
બીજ ભવિ કરતાં થકાં, બિહુવિધ ધર્મ મુણંત;
પંચમી તપ કરતાં થકાં, પાંચે જ્ઞાન ભણંત. ૫
અષ્ટમી તપ કરતાં થકાં, અષ્ટકર્મ હણંત;
એકાદશી કરતાં થકાં, અંગ અગીયાર ભણંત. ૬

ચૌદે પૂરવધર ભલાએ, ચૌદશ આરાધે;
અષ્ટમી તપ કરતાં થકાં, અષ્ટમી ગતિ સાધે. ૭
દંડવિરજ રાજા થયો, પામ્યો કેવળ જ્ઞાન;
અષ્ટમી તપ મહિમાવડો, ભાંખે શ્રીજીન વાણ. ૮
અષ્ટકર્મ હણવા ભણીએ, કરીએ તપ સુજાણ;
'ન્યાયમુનિ' કહે ભવિતુમે, પામો પરમ કલ્યાણ. ૯

## શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન (૩)

મહાસુદી આઠમને દિને, વિજયા સુત જાયો;
તેમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આવ્યો. (૧)
ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભજિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુવા પ્રથમ મુનિચંદ. (૨)
માધવ સુદિ આઠમ દિને, આઠ કર્મ કર્યા દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપુર. (૩)
એહિજ આઠમ ઉજળી, જન્મ્યા સુમતિજીણંદ;
આઠ જાતિ કળશે કરી, ન્હવરાવે સુર ઈંદ્ર. (૪)
જન્મ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમિ આષાઢ સુદી આઠમે, અષ્ટમી ગતી પામી. (૫)
શ્રાવણ વદીની આઠમે,નમિ જન્મ્યા જગભાણ;
તેમ શ્રાવણ સુદી આઠમે, પાસજીનું નિર્વાણ. (૬)
ભાદરવા વદી આઠમ દિને, ચવિઆ સ્વામી સુપાસ;
જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ. (૭)

## શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન- ૪

સુમતિનાથ એકાસણું, કરી સંયમ લીધો;
મલ્લિ પાસ જીનરાય દોય, અઠ્ઠમસું પર સિધો... (૧)
છઠ્ઠ ભક્ત કરી અવર સર્વ, લીએ સંયમ ભાર;
વાસુપૂજ્ય કરે ચોથ ભક્ત, થયા તે શ્રી અણગાર...(૨)
પરમાન્ને બીજે દિને, પારણું અવર જિનેશ... (૩)
વિનીતા નગરીમાં લીએ, દીક્ષા પ્રથમ જીણંદ;
દ્વારામતિએ નેમિનાથ, સહેસાવન વૃંદ... (૪)
શેષ તીર્થંકર જન્મભૂમિ, લીએ સંયમ ભાર;
અણપરણ્યા શ્રી મલ્લીનાથ, તેમ શ્રી નેમકુમાર... (૫)
વાસુપૂજ્ય પાસ વીરજીએ, ભૂપ થયા નવી એહ;
અવર રાજ ભોગવી થયા, જ્ઞાન વિમળ ગુણગેહ... (૬)

## અષ્ટમી સ્તુતિ (૧)

વીર જિનેશ્વર ભુવનદિનેશ્વર, નિરૂપમ જગ ઉપકારી જી,
વાસવ વંદિત ભવ નિકંદિત, તુમચી જાઉં બલિહારીજી,
શ્રી મુખે ગૌતમ ગણધર આગે, ભાખે તિથી-વિચારજી,
અષ્ટમી તપ આરાધી પ્રાણી, કેઈ પામ્યા નિર્વાણજી ૧

ચ્યવન કલ્યાણક જન્મને દીક્ષા, કેવલને નિર્વાણજી,
અષ્ટમી દિન બહુ જિનનાં જાણો, એહવી આગમ વાણજી,
અનુભવ સંગી જિનગુણ રંગી, અષ્ટમી જે આરાધેજી,
સુજશ મહોદય કમલા વિમલા, મનવાંછિત સુખ સાધેજી ૨

વાણી સુધારસ વરસી વિભુ, પાય તિમિર કરે દૂરજી;
ભવિક કમલ પ્રતિબોધ કરેવા, ઉગ્યો સમકિત સૂરજી;
અષ્ટમી મહિમા એણીપરે ભાખે, જિનવર જગત દયાલજી;
એ તપ આરાધી ભવિ પ્રાણી, પામ્યા ગુણમણિ માલજી. ૩

દંડવીર્યાદિ નૃપ આરાધી, અષ્ટમી વિશવાવીશજી;
અષ્ટકર્મ મલ દૂર કરીને, પામ્યા સિદ્ધ જગીશજી;
સિદ્ધાઈ દેવી સંકટ ચૂરે, વીર શાસન રખવાલજી;
જિન ઉત્તમ અવલંબન કરતા, રત્ન લહે ગુણમાલજી. ૪

(૨)

અષ્ટમી વાસર મજ્ઝિમ રયણી, આઠ જાતિ દિશી કુમરીજી;
જન્મઘરે આવી ગહ ગહતી, નિજ નિજ કારજે સમરીજી;

અઢાર કોડાકોડી સાગર અંતર, તુજ તોલે કોણ આવેજી;
ઋષભ જગતગુરુ દાયક જનની, ઈમ કહી ગીત સુણાવેજી. (૧)
આઠ કરમ ચૂરણ કરજાણી, કલશ આઠ પ્રકારજી;
આઠ ઈન્દ્રાણી નાયક અનુક્રમે, આઠનો વર્ગ ઉદારજી;
અષ્ટ પ્રકારી પૂજા કરીને,મંગલ આઠ આલેખેજી;
દાહિણ ઉત્તરદિશિ જિનવરનો, જન્મ મહોત્સવ લેખેજી. (૨)
પ્રવચન માતા આઠ આરાધો, પ્રમાદ આઠને બાધોજી;
આઠ આચાર વિભૂષિત આગમ, ભણતા શિવસુખ સાધોજી;
આઠમે ગુણ ઠાણે ચઢી અનુક્રમે, ક્ષપક શ્રેણી મંડાણજી;
આઠમે અંગે અંતગડ કેવલી, વળી પામો નિર્વાણજી. (૩)
વૈમાનિક જ્યોતિષ ભવનાધિપ, વ્યંતરપતિ સુરનારીજી;
શુદ્રાદિ અડદોષ નિવારી, અડગુણ સમકિત ધારીજી;
આઠમે દ્વિપે અઠ્ઠાઈ મહોત્સવ, કરતા ભવિક વિશાલજી;
ક્ષમાવિજય જિનવરની ઠવણા, ચઉસઠ્ઠી સય અડયાલજી. (૪)

(૩)

ચોવીસમો વ્હાલો વીરજીએ, મગધદેશ વિચરે મહંત તો;
રાજગૃહી નગરી સમોસર્યાએ, સમોસરણે હરખંત તો;

શ્રેણિકે વાંદ્યા ભાવશુંએ, પૂછે ષટ્ તિથી સાર તો;
પ્રરૂપે પરષદા બારને એ, અધિક આઠમ અધિકાર તો. ૧

ઋષભ જન્મને દિક્ષા લહીએ, અજિતનો જન્મ કલ્યાણ તો;
સંભવ સુપાર્શ્વ ચવિયા સહીએ, અભિનંદન પાર્શ્વ સિદ્ધ ઠાણ તો;
સુમતિ સુવ્રત નમી જન્મ્યાએ, નેમતણો નિરવાણ તો;
અનેક સાધુ સિદ્ધશીલાએ, ભાખે વીર જિન ભાણ તો. ૨
ઉપવાસ આઠમનો કરે એ, અષ્ટ મહાસિદ્ધિ જોય તો,
અષ્ટ મદ ભટ દૂર કરે એ, પ્રવચન આઠે હોય તો,
અષ્ટ કરમ અલગે કરે એ, સિદ્ધપદ અડ ભેદ પાય તો,
અષ્ટ અનેક કલશા કહ્યો એ, બોલ્યા વર્ધમાન રાય તો ૩
આઠમ પૌષધવ્રત સાધતો એ, દંડવીર્ય લહ્યો નિરવાણ તો,
શ્રેણિક આદિ સહુ પરષદાએ, સુણી તપ ગ્રહે સુખખાણ તો,
સિદ્ધાઈ દેવી રૂમઝુમ કરતી એ, માયંગ યક્ષ મહાવીર તો,
સેન પાટે બુધ રત્નનો એ, વનીતવિજય ભાખે સાધાર તો ૪

## શ્રી અષ્ટમી તિથીની ઢાળો

### ઢાળ - ૧

હાં રે મારે ઠામ ધરમનાં સાડા પચવીશ દેશ જો
દીપે રે તિહાં દેશ મગધ સહુમાં શિરે રે લોલ

હાં રે મારે નયરી તેહમા, રાજગૃહી સુવિશેષ જો
રાજે રે તિહાં શ્રેણીક ગાજે ગજપરે રે લોલ ॥૧॥
હાં રે ગામ નયર પુર પાવન કરતા નાથ જો,
વિચરંતા તિહાં આવી વીર સમોસર્યા રે લોલ,
હાં રે મારે ચૌદ સહસ મુનિવરનાં સાથે સાથજો,
સુધારે તપ સંયમ શીયલે અલંકર્યા રે લોલ ॥૨॥
હાં રે મારે ફુલ્યા રસભર ઝુલ્યા અંબ કદંબ જો
જાણું રે ગુણશીલવન હસી રોમાંચીયો રે લોલ,
હાં રે મારે વાયા વાય સુવાય તિહાં અવિલંબ જો,
વાસે રે પરિમલ ચિહું પાસે સંચિયો રે લોલ ॥૩॥
હાં રે મારે દેવ ચતુર્વિધ આવે કોડાકોડ જો
ત્રિગડુ રે મણિ હેમ રજતનું તે રચે રે લોલ,
હાં રે મારે ચોસઠ સુરપતિ સેવે હોડાહોડ જો
આગે રે રસ લાગે ઈંદ્રાણી નાચે રે લોલ. ॥૪॥
હાં રે મારે મણિમય હેમ સિંહાસન બેઠા આપજો
ઢાળે રે સુર ચામર મણિ રત્ને જડ્યા રે લોલ
હાં રે મારે સુણતા દુંદુભિ નાદ ટળે સવિ તાપ જો
વરસે રે સુર ફુલ સરસ જાનું અડ્યા રે લોલ. ॥૫॥

હાં રે મારે તાજે તેજે ગાજે ઘન જેમ લુંબ જો
રાજે રે જિનરાજ સમાજે ધર્મને રે લોલ,
હાં રે મારે નિરખી હરખી આવે જન મન લુંબજો,
પોષે રે રસ ન પડે ઘોષે ભર્મમાં રે લોલ. ॥૬॥
હાં રે મારે આગમ જાણી જિનનો શ્રેણિકરાય જો,
આવ્યો રે પરવરિયો હય ગય રથ પાયગે રે લોલ,
હાં રે મારે દેઈ પ્રદક્ષિણા વેદી બેઠો ઠાય જો,
સુણવારે જિનવાણી મોટે ભાયગે રે લોલ. ॥૭॥
હાં રે મારે ત્રિભુવન નાયક લાયક તવ ભગવંત જો
આણી રે જન કરૂણા ધર્મ કથા કહે રે લોલ
હાં રે મારે સહજ વિરોધ વિસારી જગનાં જંત જો
સુણવા રે જિનવાણી મનમાં ગહગહે રે લોલ. ॥૮॥

## ઢાળ - ૨

વીર જિનવર ઈમ ઉપદિશે, સાંભળો ચતુર સુજાણ રે,
મોહની નિંદમાં કાં પડો, ઓળખો ધર્મનાં ઠાણ રે. (૧)
વિરતિએ સુમતિ ધરી આદરો, પરિહરો વિષય કષાય રે,
બાપડા પંચ પરમાદથી, કાં પડો કુમતિમાં ધાય રે. વિરતિ. (૨)
કરી શકો ધર્મ કરણી સદી, તો કરો એ ઉપદેશ રે;
સર્વ કાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષ રે. ॥ વિરતિ. (૩)

જુજુઆ પર્વષટ્નાં કહ્યા, ફળ ઘણા આગમે જોય રે,
વચન અનુસારે આરાધતા, સર્વથા સિદ્ધિ ફળ હોય રે. વિરતિ. (૪)
જીવને આયુ પરભવ તણું, તિથી દિને બંધ હોય પ્રાય રે,
તેહ ભણી એહ આરાધતા, પ્રાણીયો સદ્ગતિ જાય રે. વિરતિ. (૫)
તે હવે અષ્ટમી ફળ તિહાં, પૂછે શ્રી ગૌતમ સ્વામ રે,
ભવિક જીવ જાણવા કારણે, કહે વીર પ્રભુ તામ રે. વિરતિ. (૬)
અષ્ટમહા સિદ્ધિ હોય એહથી, સંપદા આઠની વૃદ્ધિ રે;
બુદ્ધિનાં આઠ ગુણ સંપજે, એહથી અષ્ટગુણ સિદ્ધિ રે. વિરતિ. (૭)
લાભ હોય આઠ પડિહારનો, આઠ પવયણ ફળ હોય રે,
નાશ અષ્ટ કર્મ મૂળથી, અષ્ટમીનું ફળ જોય રે. વિરતિ. (૮)
આદિજિન જન્મ દીક્ષા તણો, અજિતનો જન્મ કલ્યાણ રે
ચ્યવન સંભવ તણો એહ તિથે, અભિનંદન નિર્વાણ રે. વિરતિ. (૯)
સુમતિ સુવ્રત નમિ જનમીયા, નેમનો મુક્તિ દિન જાણ રે,
પાર્શ્વજિન એહ તિથે સિદ્ધલા, સાતમા જિન ચ્યવન માણ રે. વિરતિ. (૧૦)
એહ તિથી સાધતો રાજીયો, દંડવીર લહ્યો મુક્તિ રે,
કર્મ હણવા ભણી અષ્ટમી, કહે સૂત્ર નિર્યુક્તિ રે. વિરતિ. (૧૧)
અતીત અનાગત કાળના, જિન તણા કોઈ કલ્યાણ રે,
એહ તિથે વળી ઘણા સંયમી, પામશે પદ નિરવાણ રે. વિરતિ. (૧૨)
ધર્મવાસિત પશુ પંખીયા, એહ તિથી કરે ઉપવાસ રે,
વ્રત ધારી જીવ પોષહ કરે, જેહને ધર્મ અભ્યાસ રે. વિરતિ. (૧૩)

ભાખીયો વીરે આઠમ તણો, ભવિક હિત એ અધિકાર રે,
જિન મુખે ઉચ્ચરી પ્રાણીયા, પામશે ભવ તણો પાર રે. વિરતિ. (૧૪)
એહથી સંપદા સવિ લહે, ટળે કષ્ટની કોડી રે,
સેવજો શિષ્ય બુધ પ્રેમનો, કહે કાંતિ કર જોડી રે. વિરતિ. (૧૫)

### કળશ

ઈણ ત્રિજગ ભાસન અચલ શાસન, વર્ધમાન જિનેશ્વરું,
બુધ પ્રેમ ગુરૂ સુપસાય, પામી, સંથુણ્યો અલવેસરૂ,
જિન ગુણ પ્રસંગે ભણ્યો રંગે, સ્તવન એ આઠમતણો,
જે ભવિક ભાવે સુણે ગાવે, કાંતિ સુખ પાવે ઘણો. (૧)

## શ્રી અષ્ટમીની બે ઢાળ (૨)

### ઢાળ-૧

શ્રી રાજગૃહી શુભઠામ, અધિક દીવાજે રે
વિચરંતા વીર જિણંદ, અતિશય છાજે રે. ॥૧॥
તિહાં ચોત્રીશ ને પાંત્રીશ, વાણી ગુણ લાવે રે
પધાર્યા વધામણી જાય, શ્રેણિક આવે રે. ॥૨॥
તિહાં ચોસઠ સુરપતિ આવીને, ત્રિગડુ બનાવે રે
તેમાં બેસીને ઉપદેશ, પ્રભુજી સુણાવે રે. ॥૩॥
તિહાં સુર નર નારી તિર્યંચ, નિજ નિજ ભાષા રે,
મન સમજીને ઉપદેશ, પામે સુખ ખાસા રે. ॥૪॥

તિહાં ઈન્દ્રભૂતિ ગણધાર, શ્રી ગુરૂ વીરને રે,
પૂછે અષ્ટમીનો મહિમા, કહો પ્રભુ અમને રે. ॥૫॥
તવ ભાખે વીર જિણંદ, સુણો સહુ પ્રાણી રે,
આઠમ દિન જિનનાં કલ્યાણ, ધરો ચિત્ત આણી રે. ॥૬॥

## ઢાળ - ૨

શ્રી ઋષભનું જન્મ કલ્યાણ રે, વળી ચારિત્ર લહ્યું ભલેવાન રે
ત્રીજા સંભવનું ચ્યવન, કલ્યાણ ભવિ તુમે અષ્ટમી તિથી સેવો રે
એ છે શિવવધુ વરવાનો મેવો. ભવિ૦ ૧
શ્રી અજિત સુમતિ નમિ જન્મ્યા રે, અભિનંદન શિવપદ પામ્યા રે,
જિન સાતમા ચ્યવન દિપાવ્યા ભવિ૦ ૨
વીશમા મુનિસુવ્રત સ્વામી રે, જેનો જન્મ હોય ગુણ ધામી રે,
બાવીશમા શિવ વિસરામી. ભવિ૦ ૩
પાર્શ્વનાથજી મોક્ષ મહંત રે, ઈત્યાદિક જિન ગુણવંત રે,
કલ્યાણક મુખ્ય કહંત. ભવિ૦ ૪
આઠ કર્મ તે દૂર પલાય રે, તેથી અડ સિદ્ધિ અડ બુદ્ધિ થાય રે,
તેણે કારણ સેવો ચિત્તલાય. ભવિ૦ ૫
એવી વીર જિણંદની વાણી રે, સુણી સમજ્યા બહુ ભવ્ય પ્રાણી રે,
આઠમ દિન અતિ ગુણખાણી રે. ભવિ૦ ૬

શ્રી ઉદય સાગરસૂરિ રાયા રે, ગુરૂ શિષ્ય વિવેકે ધ્યાયા રે,
તસ ન્યાયસાગર ગુણ ગાયા. ભવિ૦ ૭

## શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન

( રાગ : ચાલોને ચેતનજી )

ચંદ્રપ્રભ જિન સાહિબા રે, શરણાગત પ્રતિપાલ;
દર્શન દુર્લભ તુમ તણું રે, મોહન ગુણમણિ માલ. ૧
સાચો દેવ ધ્યાવવો રે, સહજાનંદ ધામ;
નામે નવનિધિ સંપજેરે, સીઝે વાંછિત કામ. ૨
ધ્યેય પ્રમાણે ધ્યાવતા રે, ધ્યાતા ધ્યાન પ્રમાણ;
કારણે કારજ નીપજે રે, એવી આગમવાણ. ૩
પરમાતમ પરમેશ્વરૂં રે, પુરૂષોત્તમ પ્રધાન;
સેવકની સુણી વિનતી રે, કીજે આપ સમાન. ૪
શ્રદ્ધા ભાસન રમણતા રે, આણી અનુપમ અંગ;
નિરાગી શું નેહનો રે, હોવે અચલ અભંગ. ૫
ચન્દ્રપ્રભ જિન ચિત્તથી રે, મુકૂ નહિ જિનરાજ;
મુજ તણું ઘરમાંહે ખેંચીયો રે, ભક્તે મેં આજ. ૬
ગુણનિધિ ગરીબ નિવાજ છો રે, કરૂણાનિધિ કિરપાલ;
ઉત્તમ વિજય કવિરાયનો રે, લહે ગુણમાલ. ૭

## ( રાગ : શાસ્ત્રીય ) ૨

મુજ ઘટ આવજો રે નાથ - (૨)

કરૂણા કટાક્ષે જોઈને દાસને કરજો સનાથ મુજ ઘટ.... ૧

ચન્દ્રપ્રભ જિન રાજિયા, તુજ વાસ વિષમો દુર,

મળવા મન અલજો ઘણોરો, કિમ આવીયે હજુરમુજ ઘટ.... ૨

વિરહ વેદના આકરી રે, કહી કોણ પાઠવું સંગાથ

પંથી તો આવે નહિરે, તિણ મારગે જગનાથમુજ ઘટ.... ૩

તું તો નિરાગી પ્રભુ, પ્રભુ તુજ વાલહો મુજ જોર

એક પખી તે પ્રીતડી રે, જિમ ચંદ્રમાને ચકોર મુજ ઘટ.... ૪

તુમ સાથે જે પ્રીતડી રે, અતિ વિષમ ખાંડાની ધાર

પણ તેહના આદર થકી, તસ ફળનો નહીં પાર મુજ ઘટ....૫

ભક્તિ યોગે અમે આણસું રે, મન મંદિર તુમ આજ,

વાચક વિમળનાં રામશુંરે, ઘણું રીઝશો મહારાજ. મુજ ઘટ.... ૬

## ( રાગ : ચાંદી જૈસા ) ૩

ચન્દ્રપ્રભ જીન ચન્દ્રમા રે, ઉદયો સહજ સનૂર,

પાપ તાપ દૂર મીટ્યો રે,પ્રગટ્યો આનંદપુર

પ્રગટ્યો આનંદપુર, ભવિકજન પ્રણમો એ જીનચંદ

દરિશણ પરમાનંદ... ભવિકજન. ૧

ચતુર ચકોરા હરખીયાં રે, પ્રસર્યો પુણ્ય પ્રકાશ

જ્ઞાન જલનિધિ ઉલ્લસ્યોરે, ઉપશમ લહરી વિલાસ
ઉપશમ લહરી વિલાસ... ભવિકજન. (૨)
ચારિત્ર ચંદ્રિકા ચિહું દિશે રે, પ્રસરી નિરમલ નૂર
કરમ ભરમ રાહું ગયોરે, નાશી જેહથી દૂર
નાશી જેહથી દૂર... ભવિક જન. (૩)
સમકિત કૈરવ કાનને રે, પ્રગટ્યો પરમ વિકાશ,
મિથ્યામતિ કમલા કરે રે, પામ્યો મુંદ્રાવાસ
પામ્યો મુંદ્રાવાસ..... ભવિકજન (૪)
કરુણાને મધ્યસ્થતા રે, મુદિતા મૈત્રી ચંગ્ર,
ચાર દિશે જસ ઉદયથી રે, વાધ્યો અતિ ઉછરંગ
વાધ્યો અતિ ઉછરંગ... ભવિકજન (૫)
શુધ્ધ ક્રિયા સવિ ઔષધિ રે, પામી રૂચિ પિયુષ,
મુગતિ ફળ સફળી કરોરે, સરગ કુસુમ સજુષ,
સરગ કુસુમ સજુષ... ભવિકજન. (૬)
અકલંકી ઉદયી જયોરે, અનુપમ એ જીનચંદ
નયવિજય પ્રભુ પ્રણમતાં રે, નિત નિત પરમાનંદ,
નિત નિત પરમાનંદ... ભવિકજન (૭)

(રાગ : ચાંદકી દિવાર)

ચન્દ્રપ્રભુ ચિત્તમાં વસ્યાંરે, જીવન પ્રાણ આધાર
તુમ વિણ કો દિશે નહીરે, ભવિજનને હિતકાર રે
ચન્દ્રપ્રભુ ચિત્તમાં....... ૧

નિશદિન સૂતાં જાગતાંરે, ચિત્ત ધરે તારૂં ધ્યાન રે
રાત-દિવસ તલસે બહું, રસના તુજ ગુણગાન રે
ચન્દ્રપ્રભુ ચિત્તમાં....... ૨
માહરે તુમ સમકો નહિંરે, મુજ સરીખા તુજ લાખ (૨)
તોહી નિજ સેવક જાણીને, કાંઈક કરૂણા દાખ
ચન્દ્રપ્રભુ ચિત્તમાં....... ૩
અંતરજામી તું ખરોરે, ન ગમે બીજું નામ રે (૨)
સેવક અવસર આવીયો રે, રાખો એહની મામ
ચન્દ્રપ્રભુ ચિત્તમાં....... ૪
કરૂણાવંત કૃપા કરીરે, આપો જિનપદ વાસ (૨)
ઉદયરત્ન એમ ઉચ્ચરે રે, દિજે તત્વ સુવાસ
ચન્દ્રપ્રભુ ચિત્તમાં....... ૫

## અષ્ટમીની સજ્ઝાય

(૧)

અષ્ટ કર્મ ચુરણ કરી રે લાલ, આઠ ગુણે પ્રસિદ્ધ મેરે પ્યારે રે
ક્ષાયિક સમકિતના ઘણી રે લાલ, વંદુ વંદુ એવા સિદ્ધ મેરે પ્યારે રે.
અષ્ટ..૧

અનંતજ્ઞાન દર્શન ઘરે રે લાલ, ચોથું વીર્ય મેરે
અગુરુ લઘુ સુક્ષ્મ કહ્યા રે લાલ, અવ્યાબાધ મહંત મેરે.
અષ્ટ...૨

જેહની કાયા જેહવી રે લાલ, ઉણી ત્રીજે ભાગ મેરે
સિદ્ધશિલાથી જોયણે રે લાલ, અવગાહન વીતરાગ મેરે.

અષ્ટ...૩

સાદી અનંતા તિહાં ઘણા રે લાલ, સમય સમય તેહ જાય મેરે
મંદિર માંહી દીપાલિકા રે લાલ, સઘળા તેજ સમય મેરે.

અષ્ટ...૪

માનવ ભવથી પામીયે રે લાલ, સિદ્ધ તણા સુખ સંગ મેરે
એહનું ધ્યાન સદા ધરો રે લાલ, એમ બોલે ભગવતી અંગ મેરે.

અષ્ટ...૫

શ્રીવિજયદેવપટ્ટધરૂ રે લાલ, **શ્રી વિજયસેન સૂરિશ** મેરે
સિદ્ધ તણા ગુણ એ કહ્યા રે લાલ, દેવ દીયે આશિષ મેરે.

અષ્ટ...૬

(૨)

શ્રી સરસ્વતી ચરણે નમી, આપો વચન વિલાસ
અષ્ટમી ગુણ હું વર્ણવું કરો સેવકને ઉલ્લાસ ॥૧॥
અષ્ટમી તપ પ્રેમે કરો રે લાલ, આણી હર્ષ ઉમેદ રે ભવિકજન
તો તુમે પામશો ભવતણો રે લાલ, કરશો કર્મનો છેદ..રે

ભવિકજન ॥૧॥

અષ્ટ પ્રવચન તે પાળીએ રે લાલ, ટાળીએ મેદના ઠામ રે,
અષ્ટ પ્રતિહાર્ય મન ધીરે રે લાલ, જપીએ જિનનું નામ રે.
ભવિકજન ॥૨॥

એહવો તપ તુમે આદરો રે લાલ, ધરો મનમાં જિનધર્મ રે,
તુમે અપવાદથી છુટશો રે લાલ, ટાળશો ચિહું ગતિ મર્મ રે.
ભવિકજન ॥૩॥

જ્ઞાન આરાધન એહ થકી, લાલ લહીએ શિવસુખ સાર રે,
આવાગમન જન નહીં હુવે રે લાલ, એ છે જગ આધાર રે.
ભવિકજન ॥૪॥


તીર્થંકર પદવી લહે રે લાલ, તપથી નવે નિધાન રે,
જુઓ મલ્લીકુમરી પરે રે લાલ, પામે તે બહુ ગુણ જ્ઞાન રે.
ભવિકજન ॥૫॥

એ તપના છે ગુણ ઘણા રે લાલ, ભાખે શ્રી જિન ઈશ રે,
**શ્રી વિજયરત્ન** સૂરીંદના રે લાલ, વાચક દેવસૂરીશ રે.
ભવિકજન ॥૬॥


**પ.પૂ. તપાગચ્છસૂર્ય ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન (પંચ પરમેષ્ઠિના તૃતીય પદે આરૂઢ થનાર) પંન્યાસપ્રવર રત્નશેખર વિજયજી મ. સા. ની પ્રેરણાથી**

- શ્રી શાન્તાક્રુઝ તપાગચ્છ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ- મુંબઈ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - નાગપુર
- શ્રી સાગર જૈન ઉપાશ્રય - પાટણ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન-સમી
- શ્રી સુપાર્શ્વનાથાય શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નખત્રાણા, કચ્છ
- શ્રી ભક્તિ પાર્શ્વનાથ આનંદનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નવાવાડજ, અમદાવાદ.
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - ઉદયપુર
- શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ - ગોદાવરી, અમદાવાદ
- મુનીશ્રી વિદ્યાચંદ્ર વિ. મ. સા. ની પ્રેરણાથી તેમના ૨૫ વર્ષના સંયમ જીવન અનુમોદનાર્થે...
  શ્રી કચ્છ-કોડાય વિશા ઓસવાલ શ્વે. મૂ. પૂ. જૈન મહાજન સંઘ
- ભરતભાઈ ભાઈલાલભાઈ - ગોરેગાંવ, મુંબઈ
- અમેરિકા નિવાસી લીલાવતીબેન વીરચંદભાઈ શાહ પરિવાર

પ.પૂ.આ.વિ. ધર્મસૂરિ મ.સા.




પ.પૂ.આ.વિ. ભક્તિસૂરિ મ.સા.



પ.પૂ.આ.વિ. સુબોધસૂરિ મ.સા.



તપાગચ્છસૂર્ય પ.પૂ. આ.દેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.





પ.પૂ. નૂતન આચાર્યદેવશ્રી વિજય
રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.



# શુભેચ્છક





...ાહ પ...

, ...લભાઈ

, નિરૂપાબેન

કાંતાબે... ...ળા)

...ાહ પરિવાર

પુ... ...ાઇ, ...લભાઈ

પુત્રવધુ : વર્ષાબેન, નિરૂપાબેન

(વડાવાળા)

ડીઝાઈન : જૈનમ્ ગ્રાફીક્સ
અમદાવાદ. ફોન-૨૫૬૨૭૪૬૯, મો. ૯૮૨૫૮ ૫૧૭૩૦